પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૬, અંક:૭૦, કુલ પાના:૪, તારીખ: ૧૫-૧૧-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 70 PRICE :-RS. 1.50 DATE : 15-11-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## મહારાષ્ટ્રમાં હિંસા : ૨૦ પ્રદર્શનકારીઓની ધરપકડ

મુંબઈ,

નાશિક જિલ્લાના માલેગાંવમાં મુસ્લિમ સંગઠનોએ ગઈ કાલે બંધનું એલાન કર્યા બાદ પરિસ્થિતિ વણસતા વધુ પોલીસ કુમક મગાવવામાં આવી છે. અત્યાર સુધીમાં તોફાન પચાવવા બદલ ૧૦ જણની ધરપકડ કરવામાં આવી છે. બંધ દરમિયાન જોરદાર પથ્થરમારો કરવામાં આવતા ત્રણ પોલીસ અધિકારી સહિત એકંદર ૧૦ પોલીસ જવાનો ઘાયલ થયા હતા. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ સચિન પાટીલે જણાવ્યું હતું કે સીસીટીવી ફૂટેજને આધારે દંગલખોરો અને પથ્થરબાજોને પકડવાની શરૂઆત કરવામાં આવી છે. આ સાથે જ પરિસ્તિતિ કાબૂમાં લેવા માટે વધુ પોલીસ મદદ મગાવવામાં આવી છે.ત્રિપુરામાં થયેલી હિંસાના વિરોધમાં મહારાષ્ટ્રમાં આજે બીજા દિવસે રમખાણો ચાલી રહ્યા છે. રાજ્યના પાંચ જિલ્લાઓમાં તંગદીલી વ્યાપી છે. એટલે કે આ જિલ્લાઓ હિંસાની આગમાં લપેટાઇ ગયા છે. જેમાં અમરાવતી, નાંદેડ, પરભણી, માલેગાંવ, નાશિકનો સમાવેશ છે. અહી મુસ્લિમ સંગઠનોના દેખાવો બાદ હિંદુ સંગઠનોએ શનિવારે બંધનું એલાન આપ્યું હતું. આ દરમિયાન ટોળાએ વિવિધ સ્થળોએ હંગામો મચાવ્યો હતો. દુકાનોને નુકસાન પહોંચાડયું હતું. વિરોધ ઉગ્ર બનતો જોઈને પોલીસે દેખાવકારો પર લાઠીચાર્જ કરવો પડયો હતો, ટીયરગેસ છોડવો પડયો હતો, હિંદુ- મુસ્લિમ સંગઠનો આમને- સામને આવ્યા હતા. અને પરિસ્થિતિ નિયંત્રણમાં લાવવા માટે પોલીસે હવામાં ગોળીબાર કર્યો હતો. કરફ્યુ મૂક્યો હતો. કલમ ૧૪૪ની જમાવ બંધી લાગુ કરી ૨૦ એફઆઈઆર નોંધાવી અને ૨૦ જણની ધરપકડ કરવામાં આવી છે. ખાસ રમખાણ અમરાવતીમાં વકરતાં વિવિધ સ્થળોએ વધારાની પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી હતી. આ સિવાય ઠેર ઠેર વાહનોને આગ ચાંપીને લાકો રૂપિયાનું નુકસાન કરાયું હતું. લગભગ ૧૮થી વધુ પોલીસો જખ્મી થયા છે. ગૃહમંત્રી દિલીપ વળસે પાટીલે જણાવ્યું હતું કે અમરાવતી સિવાય સમગ્ર રાજ્યમાં શાંતિ છે. અમે સ્થાનિક લોકોને શાંતિ જાળવવા અપીલ કરીએ છીએ સમાજમાં તિરાડ પાડનારા સામે કાર્યવાહી કરાશે, જો કોઈ ઉશ્કેરશે તેની સામે કાર્યવાહી કરાશે. અમરાવતી શહેરના રાજકમલ ચોકમાં નીકળેલા દેખાવકારોના રેલી પર પથ્થરમારો કરીને દુકાનોને નુકસાન કર્યું અને આગ ચાંપી હતી. તેઓને અટકાવવા પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. હિન્દુ- મુસ્લિમ સંગઠન આસમે- સામને આવતા ટીયર ગેસ છોડવામાં આવ્યો હતો. હવામાં ગોળીબાર સુદ્ધા કરવામાં આવ્યો એમ પોલીસે જણાવ્યું હતું. પૂર્વ મહારાષ્ટ્રના અમરાવતી શહેરમાં જિલ્લા મેજિસ્ટ્રેટની ઓફિસની બહાર ૮૦૦૦થી વધુ લોકોએ મેમોરેન્ડમ સબમિટ કરવા માટે એકઠા થયા હતા. આ આવેદન પત્રમાં લઘુમતી સમાજ પર થતા અત્યાચાર રોકવાની માગ કરવામાં આવી હતી. જ્યારે લોકો મેમોરેન્ડમ સોંપીને જતા રહ્યા હતા ત્યારે કોતવાલી પોલીસ સ્ટેશન હેઠળના ચિત્રા ચોક અને કોટન માર્કેટ વચ્ચે ત્રણ જગ્યાએ પથ્થરમારો કરવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. કોતવાલી પોલીસ સ્ટેશને ૧૧ કેસ નોંધ્યા છે અને રમખાણો સહિત વિવિધ આરોપોમાં દસ લોકોની ધરપકડ કરી છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. અમરાવતીમાં કોઈ અનિચ્છનીય ઘટના ટાળવા માટે વધારાની પોલીસ દળ તૈનાત કરવામાં આવી છે. અત્યારે પરિસ્થિતિ સામાન્ય છે. અમરાવતીમાં તોફાન ભડકાવવામાં સોશિયલ મિડિયા દ્વારા ફેલાવાયેલી અફવાને પગલે આજે ઈન્ટરનેટ બંધ કરવામાં આવ્યું હતું. આ સાથે જ સોશિયલ મિડિયાના માધ્યમથી વાંધાજનક અને ઉશ્કેરણીજનક સંદેશા વહેતા કરનારાઓને સકંજામાં લેવા માટેની ક્વાયત શરૂ કરવામાં આવી છે.

## પાકિસ્તાને ૨૦ ગુજરાતી માછીમારોને મુક્ત કર્યા



કરાચી,

ગીર સોમનાથ જિલ્લાના આ માછીમારો પાકિસ્તાનની લાંધી જેલમાં બંધ હતા. એમાંથી ઘણાં માછીમારોએ તો ત્રણેક વર્ષ પહેલાં જ તેમની સજા પૂરી કરી લીધી હતી, છતાં પાકિસ્તાને નાગરિકતાની ખરાઈના બહાને તેમને જેલમાં બંધ રાખ્યા હતા. તેમને વાઘા બોર્ડર સુધી પહોંચાડતા પહેલાં કપડાં અને તે સિવાયની ગિફ્ટ્સ આપવામાં આવશે. થોડીક રોકડ રકમ પણ અપાશે એવું ઈધી ફાઉન્ડેશનના પ્રમુખ ફૈઝલ ઈધીએ કહ્યું હતું આ સંગઠન વિખ્યાત સમાજસેવક અબ્દુલ સતાર ઈધીના નામે ચાલે છે. તેમને ભારતે પણ ગાંધી પીસ પ્રાઈઝ આપીને સન્માનિત કર્યા હતા. પાકિસ્તાનની જેલમાં સબડતાં ૬૦૦ જેટલાં માછીમારોને ટૂંક સમયમાં મુક્ત કરાવી લેવાશે એવો આશાવાદ ભારતીય અધિકારીઓએ વ્યક્ત કર્યો હતો.પાકિસ્તાનની જેલમાં સબડતાં ૨૦ ગુજરાતી માછીમારોને મુક્ત કરવામાં આવ્યા છે. આ માછીમારોને વાઘા બોર્ડરથી ભારત લાવવામાં આવશે અને ત્યારબાદ એ તમામ માછીમારો ગીર સોમનાથ જિલ્લામાં પોતાના વતનમાં આવી પહોંચશે. તે સિવાયના ૩૫૦ કરતાં વધુ માછીમારો હજુય પાકિસ્તાનની જેલમાં સબડી રહ્યા છે તેમને મુક્ત કરવાની રજૂઆત સરકારે કરી છે. ગુજરાતના ૨૦ માછીમારો પાકિસ્તાનની જેલમાંથી મુક્ત થયા છે. વાઘા સરહદેથી તે ભારતમાં પ્રવેશ કરશે. ત્યારબાદ તેમને ટ્રેન મારફતે ગુજરાતમાં લાવવામાં આવશે. આ માછીમારો ગીર સોમનાથ જિલ્લાના છે. પાકિસ્તાનના ઈધી ટ્રસ્ટ ફાઉન્ડેશનના સહયોગથી તમામ માછીમારોને વાઘા સરહદે પહોંચાડવામાં આવશે. પાકિસ્તાનના અધિકારીઓએ કહ્યું હતું કે આ માછીમારોએ અરબી સમુદ્રની જળસીમા ઓળંગી લીધી હતી અને પાકિસ્તાનમાં આવ્યા બાદ કાર્યવાહી કરવામાં આવી હતી. આ માછીમારોએ નિયત કરેલી જેલની સજા કાપી હતી. તે સિવાયના ૩૫૦ કરતાં વધુ માછીમારો હજુય પાકિસ્તાનની જેલમાં બંધ છે. તેમણે પણ સજા ભોગવી લીધી છે અને ઓળખ પણ થઈ ચૂકી છે એટલે તેમને મુક્ત કરવાની રજૂઆત ભારત સરકારે કરી છે. ઈધી ફાઉન્ડેશનના કહેવા પ્રમાણે ભારતના લગભગ ૬૦૦ જેટલાં માછીમારો પાકિસ્તાનની જેલમાં બંધ હોવાની શક્યતા છે. એમાંથી ૩૫૦ જેટલા માછીમારોએ નિયત સજા પૂરી કરી લીધી છે અને નાગરિકતાની ખરાઈ પણ થઈ ચૂકી છે એટલે તેમને થોડા સમય બાદ મુક્ત કરાય તેવી શક્યતા છે.


### ચીનના ઘણા બધા પ્રાંતોમાં કોરોનાનો ચેપ ફેલાયો

## યુરોપ કોરોનાનું મુખ્ય કેન્દ્રબિંદુ બન્યું

નવી દિલ્હી,

ચીન અને રશિયામાં પણ કોરોનાનો પ્રકોપ જારી છે. કોરોનાએ ચીનના ૨૧ પ્રાંતોમાં ફેલાવો કર્યો છે તો રશિયામાં એક જ દિવસમાં ૩૯,૨૫૬ કેસ નોંધાયા છે. તેની સાથે એક જ દિવસમાં વિક્રમજનક ૧,૨૪૧ના મોત નોંધાયા છે. આ સાથે રશિયામાં કોરોનાના કેસનો કુલ આંકડો ૯૦ લાખ સુધી પહોંચી ગયો છે. અત્યાર સુધી કોરોનાથી ૨,૫૪,૦૦૦ મોત થઈ ચૂક્યા છે.સમગ્ર વિશ્વમાં કોરોનાના પ્રકોપ વચ્ચે રસીકરણ જારી છે. કેટલાક દેશો રસીની તંગીનો સામનો કરી રહ્યા છે ત્યારે ધનવાન દેશો કોરોનાના બૂસ્ટર ડોઝની તૈયારી કરી રહ્યા છે તે બદલ વિશ્વ આરોગ્ય સંગઠન હુએ તેમને ફટકાર લગાવી છે. તેમણે વિકસિત દેશોના બૂસ્ટર ડોઝને ગોટાળો ગણાવી તેને બંધ કરવા જણાવ્યું છે.સમગ્ર વિશ્વમાં કોરોનાનાનો રોગચાળા હજી પણ અટકવાનું નામ લેતો નથી. હવે યુરોપ તેનું એપીસેન્ટર બન્યું છે. ગયા સપ્તાહે ત્યાં વીસ લાખ કેસ સામે આવ્યા છે. હોલેન્ડમાં તો લોકડાઉન લગાવવું પડયું છે. કેટલાય દેશોમાં આ પ્રકારના ઉપાય કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુએ ચીનમાં પણ કોરોનાનો પ્રસાર જારી છે. ચીનના ૨૧ પ્રાંતમાં કોરોનાનો ચેપ ફેલાયો છે. રશિયા અને કેનેડામાં પણ સ્થિતિ ખરાબ છે. રશિયામાં ગઈકાલે ૩૯,૨૫૬ કેસ નોંધાયા હતા અને ૧,૨૪૧ના મોત થયા હતા, જે અત્યાર સુધીનો સૌથી મોટો દૈનિક આંકડો છે. તેની જોડે-જોડે સમગ્ર વિશ્વમાં કોરોનાનું રસીકરણ પણ જારી છે. કેટલાય દેશ બૂસ્ટર ડોઝ આપવાની તૈયારીમાં છે. આ દરમિયાન વિશ્વ આરોગ્ય સંગઠન (હુ)એ જણાવ્યું હતું કે ગરીબ દેશો હજી રસીની રાહ જોઈ રહ્યા છે ત્યારે બૂસ્ટર ડોઝ આપવો તે એક પ્રકારનો ગોટાળો છે. ડબલ્યુએચઓએ જણાવ્યું હતું કે યુરોપમાં ગયા સપ્તાહે કોરોનાના રોગચાળા પછી સૌથી વધારે લગભગ ૨૦ લાખ કેસ સામે આવ્યા હતા અને તેમા ૨૭ હજારના મોત થયા હતા. ગયા સપ્તાહે વિશ્વમાં કોરોનાથી અડધાથી વધારે મોત યુરોપમાં થયા હતા. કોવિડ-૧૯ના કેસ ઓછું રસીકરણ ધરાવતા યુરોપીયન દેશોમાં તો વધી રહ્યા છે, પણ તેની સાથે-સાથે તે વધારે રસીકરણ ધરાવતા યુરોપીયન દેશમાં પણ વધી રહ્યા છે. જર્મનીમાં કોરોનાના મોરચે સ્થિતિ સતત વણસી રહી છે. કોરોનાના ચેપની દૈનિક સંખ્યા ફરીથી ૫૦,૦૦૦ને વટાવી ગઈ છે. જર્મનીમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૨૩૫ના મોત થયા હતા. હોલેન્ડ સરકારે કોરોનાના કેસમાં આવેલા ઉછાળાને રોકવા માટે આંશિક લોકડાઉન લગાવવાની જાહેરાત કરી છે. સરકારે રેસ્ટોરા અને દુકાનોને વહેલા બંધ કરવા આદેશ આપ્યો છે. તેની સાથે મહત્ત્વના રમત આયોજનોમાં પ્રેક્ષકોની સંખ્યા મર્યાદિત રાખવાની સૂચના અપાઈ છે. હોલેન્ડે ત્રણ સપ્તાહ સુધી આકરા નિયમો લાદવા જાહેરાત કરી છે.

## તમિલનાડુ બાદ કેરળમાં ભારે વરસાદની આગાહી



નવી દિલ્હી,

દેશની રાજધાની દિલ્હીમાં વાયુ પ્રદૂષણના લીધે ધુમ્મસ છવાયું છે. તેનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૯૯ નોંધાયો છે, જે ગંભીર શ્રેણીમાં આવે છે. દિલ્હીનું ઐતિહાસિક સ્મારક લાલ કિલ્લો, જામા મસ્જિદ સહિત ઘણી મહત્ત્વની ઈમારતો ધુમ્મસની અંદર ઢંકાઈ ગઈ છે. આ ઉપરાંત દેશના કેટલાય વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. કેરળમાં ચાલતા અવિરત વરસાદ, હળવા ભૂસ્ખલનના લીધે કેટલાક હિસ્સામાં ટ્રેન સેવા પ્રભાવિત થઈ છે. પર્વતીય વિસ્તારો, નદીઓના પટ પરના શહેરો અને પ્રવાસ કેન્દ્રો જેવા સ્થળો માટે ચેતવણી જારી કરાઈ છે. તેમા પણ તિરુવનન્તપુરમ માટે ઓરેન્જ એલર્ટ જારી કરાયુ છે. આ ઉપરાંત કોલ્લમ, પઠનમથિટ્ટા, અલપ્પાઝુહા, કોટ્ટાયમ અને ઈડુક્કી જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. રાજ્યમાં ૧૬ નવેમ્બર સુધી આ પ્રકારની સ્થિતિ રહી શકે છે. તમિલનાડુને ભારે વરસાદે અત્યાર સુધી ધમરોળ્યું છે અને હજી પણ ત્યાં કન્યાકુમારી અને તિરુનેવેલી જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બીજી બાજુએ દિલ્હીમાં પ્રદૂષણના લીધે ધુમ્મસે માઝા મૂકી છે અને આગામી સપ્તાહે ત્યાં પણ ભારે વરસાદ અંગે ચેતવણી આપવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગના પ્રાદેશિક કેન્દ્રના જણાવ્યા મુજબ કન્યાકુમારી અને તિરુનેવેલ જિલ્લામાં ભારે વરસાદ અંગે એલર્ટ આપવામાં આવ્યું છે. જો કે ચેન્નાઈમાં રેડ એલર્ટ હટાવી લેવાયું છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ ૧૩ અને ૧૪ નવેમ્બરના રોજ દક્ષિણ આંદામાન વિસ્તારમાં નવી સાઈક્લોનિક સિસ્ટમ વિકસી શકે છે. તેના લીધે તમિલનાડુના કન્યાકુમારે, વેલ્લોર, રાણીપેટ, તિરુપટ્ટુર, ધરમપુરી, તિરુવનમલાઈ, કલ્લાકુરિચી, નમક્કલ, કરુર, ડિંડિગુલ, સાલેમ, નીલગીરી, કોઈમ્બતૂર, થેની, પેરામ્બુદુર, તિરુચિરાપલ્લી, મદુરાઈ, વિરુધનગર અને થેનકાસીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કેરળ, આંધ્રપ્રદેશ અને ઓડિશામાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે.

## ૨ મહિલાઓ પાસેથી દિલ્હી એરપોર્ટ પર ૯૦ કરોડનું ડ્રગ્સ જપ્ત કરી કાર્યવાહી કરી

નવી દિલ્હી,

તા. ૧૨-૧૩ની રાત્રીના સમયે આ મહિલાઓ આવી હતી. જે દરમિયાન તપાસ કરાતા તેની પાસેથી ૧૨.૯ કિલો હેરોઈન મળી આવ્યું છે જેની માર્કેટ કિમત આશરે ૯૦ કરોડ આંકવામાં આવી રહી છે. આ બન્ને મહિલા તસ્કરો યુગાંડા, કેન્યા અને ભારતમાં ડ્રગ્સ તસ્કરી કરતી હતી, તપાસ દરમિયાન મહિલાએ સ્વીકાર્યું હતું કે પસાની લાલચમાં તેણે આ ડ્રગ્સ તસ્કરી કરી હતી. તેનો દાવો છે કે કેન્યાના એક નાગરિકે મને વચન આપ્યું હતું કે જો તે દિલ્હીમાં આ ડ્રગ્સ પહોંચાડી દેશે તો તેને બહુ જ મોટી રકમ આપવામાં આવશે. જેને પગલે તે કંપાલાથી રોડ માર્ગેથી નૈરોબી ગઇ હતી. જ્યાં તેને કેન્યાના આ નાગરિકે આ ડ્રગ્સનું પેકેટ સોપ્યું હતું. આ પેકેટ દિલ્હીમાં પહોંચાડવાની જવાબદારી તેને સોપવામાં આવી હતી. આ દરમિયાન તેની દિલ્હી આવવાની ટિકિટની વ્યવસૃથા પણ કરવામાં આવી હતી.કસ્ટમના અધિકારીઓએ દિલ્હી એરપોર્ટ પરથી યુગાંડાની બે મહિલા પાસેથી ૯૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું. યુગાંડાની આ મહિલાઓ દિલ્હીના ઈંદિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ (આઈજીઆઈ) પર ઉતરી હતી ત્યારે જ તેની પાસેથી આ ડ્રગ્સ ઝડપાઈ ગયું હતું. એક અધિકારીએ જણાવ્યું હતું કે તપાસ દરમિયાન મહિલા પાસેથી ૧૨.૯ કિલો હેરોઈન મળી આવ્યું હતું. બન્ને મહિલાઓ કેન્યાના નૈરોબીથી અબુધાબી થઈને નવી દિલ્હીના એરપોર્ટ પર આવી હતી.

## કોંગ્રેસ દ્વારા મોઘવારીના વિરોધમાં સૂત્રોચ્ચાર સાથે બેનરો બતાવ્યા

અમદાવાદ,

અમિત ચાવડા દ્વારા શરૂ કરવામાં આવેલ અભિયાનમાં ખોખરાની દુકાનોમાં તથા રસ્તા પર જતા રાહદારીઓને મોંઘવારી વિશે સમજાવીને સાથ આપવા જણાવ્યું હતું. આ ઉપરાંત મોંઘવારીથી થતી મુશ્કેલીઓ અંગે પણ લોકોને સમજાવ્યું હતું. કોંગ્રેસ દ્વારા જન જાગૃતિ અભિયાનની સાથે સાથે પેજ સભ્ય કાર્યક્રમ પણ શરૂ કરવામાં આવ્યો છે. જે પ્રમાણે ભાજપે પેજ પ્રમુખ બનાવવાનો કાર્યક્રમ કર્યો હતો, તે જ પ્રમાણે હવે કોંગ્રેસે પણ પેજ સભ્ય બનાવવાનો કાર્યક્રમ શરૂ કર્યો છે. જેમાં લોકોને કોંગ્રેસની વિચારધારા અંગે સમજણ પાડીને કોંગ્રેસમાં જોડાવા માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. આ અભિયાનમાં નવા મતદારો એટલે કે તાજેતરમાં જ જેમની ૧૮ વર્ષ ઉંમર પૂર્ણ થઈ હોય તે અને મહિલાઓને વધુ પ્રમાણમાં જોડવા માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે વધતી જતી મોંઘવારીથી લોકો પરેશાન છે, પરંતુ સામાન્ય નાગરિક કાંઈ બોલી શકતા નથી.જેથી આજથી નાગરિકો માટે જ જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. લોકોને મોંઘવારી વિશે સમજ પાડીને મોંઘવારી સામે અવાજ ઉઠાવવા સમજાવ્યું છે.લોકો અવાજ ઉઠાવશે તો સરકારને જાણ થશે.મોંઘવારીમાં સતત વધારો થઈ રહ્યો છે જેને લઈને કોંગ્રેસ દ્વારા અનેક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા, ત્યારે આજથી કોંગ્રેસ દ્વારા મોંઘવારીના વિરોધમાં જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં લોકોને મોંઘવારી વિશે સમજ આપીને મોંઘવારી સામે લડત અને સહકાર આપવા પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું છે. આ ઉપરાંત કોંગ્રેસનો પેજ સભ્ય કાર્યક્રમ પણ શરૂ કરવામાં આવ્યો છે. આ દરિમાયન કોંગ્રેસના કાર્યકરોએ મોંઘી દાળ, મોંઘું તેલ આ બધો ભાજપનો ખેલ સાથેના બેનરો અને હાય રે મોદી...હાય હાયના સૂત્રોચ્ચાર કર્યા હતા. અમદાવાદના ખોખરામાં આજથી શહેર કોંગ્રેસ દ્વારા જન જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને શહેર પ્રમુખ ચેતન રાવલની આગેવાનીમાં અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

## નક્સલીઓ દ્વારા ઘરને બોમ્બથી ઉડાવી દીધું : ૪ સભ્યોને જાહેરમાં ફાંસી આપી

નવી દિલ્હી,

ગયા જિલ્લામાં આવેલા એક ગામમાં શનિવારની રાતે નક્સલીઓએ હુમલો કર્યો હતો.ગામના રહેવાસી સરજૂ સિંહ ભોક્તાના ઘરને નક્સલીઓએ ઘેરી લીધુ હતુ અને એ પછી ઘરમાં હાજર ભોકતાના બે પુત્રો સત્યેન્દ્ર સિંહ, મહેન્દર સિંહ , પત્ની અને બીજી એક મહિલાને ઘરની બહાર ફાંસી આપી દીધી હતી. ચારેની હત્યા કર્યા બાદ નક્સલીઓએ બોમ્બથી ઘરને પણ ઉડાવી દીધુ હતુ.એ પછી ગામમાં નક્સલીઓ પેમ્ફલેટ પણ નાંખીને ગયા છે અને તેમાં કહેવાયુ છે કે, ભોકતા પરિવારના સભ્યોએ કેટલાક દિવસ પહેલા ચાર નકસલવાદીઓને ઝેર આપીને મારી નાંખ્યા હતા.તેનો આ બદલો ઈ આ ઘટના બાદ સરકારમાં પણ હડકંપ છે.ઘટના બાદ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને નકસલીઓના પેમ્ફલેટને પણ કબ્જામાં લીધા છે.બીજી તરફ આ હત્યાકાંડને અંજામ આપીને નક્સલીઓ જંગલમાં ગાયબ થઈ ગયા છે.એક તરફ મહારાષ્ટ્રમાં નક્સલીઓનુ એક્કાઉન્ટર કરાયુ છે ત્યારે બીજી તરફ બિહારમાં ગયા જિલ્લામાં નક્સલીઓએ આચરેલી ક્રુરતાથી લોકોમાં ભય અને રોષ વ્યાપી ગયો છે.

## રાજસ્થાનની પેટા ચુંટણીમાં હાર બાદ ભાજપમાં જ આંતરિક ઘમાસાણ

નવી દિલ્હી,

આગામી લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓ માટે તૈયારી કરવા પર આ ચિંતન બેઠકમાં જોર આપવામાં આવશે.બીજી તરફ ભાજપના સંખ્યાબંધ નેતાઓ અત્યારથી જ મુખ્યમંત્રી પદની રેસમાં પોતાને પ્રોજેક્ટ કરી રહ્યા હોવાનુ કહેવાઈ રહ્યુ છે. જ્યારે વસુંધરા રાજે સમર્થકોએ તાજેતરમાં જ વસુંધરા રાજે સમર્થ મંચ બનાવીને તેમને ત્રીજી વખત મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કરવા માંડ્યા છે.રાજસ્થાનમાં વિધાનસભાની પેટા ચૂંટણીમાં હાર બાદ ભાજપમાં ચાલી રહેલુ આંતરિક ઘમાસાણ હવે જાહેરમાં આવી ગયુ છે. રાજસ્થાનના પૂર્વ સીએમ વસુંધરા રાજે અને ભાજપના વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા ગુલાબ ચંદ કટારિયાના જુથ વચ્ચે કેટલાય સમયથી ખેંચતાણ ચાલી રહી છે. વસુંધરા રાજેને ભાજપના સ્ટાર પ્રચારક ગણાવવા સામે ગુલાબ ચંદ કટારિયાએ કહ્યુ હતુ કે, ગઈ ચૂંટણીમાં વસુંધરા રાજે ક્યાં હતા..સ્ટાર પ્રચારક ખાલી નામના છે...જોકે તેમણે વસુંધરા રાજેને ચૂંટણીમાં હાર માટે જવાબદાર નહોતા ઠેરવ્યા પણ કહ્યુ હતુ કે, ઉમેદવારોની ખોટી પસંદગી હાર માટે જવાબદાર છે.

## કોપ-૨૬માં ભારતનો મહત્વનો વિજય પ્રાપ્ત કર્યો

નવી દિલ્હી,

સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્ટોનિયો ગુટેરસે યુએન જળવાયુ પરિવર્તન સંમેલનને ભલે એક મહત્વનું પગલું ગણાવ્યું હોય પરંતુ તેમણે વિશ્વને જળવાયુ સંકટ તરફ આગળ વધી રહ્યા હોવાની ચેતવણી પણ આપી હતી. અમેરિકી જળવાયુ પ્રમુખ જોન કેરીએ જણાવ્યું કે, આ સમજૂતી જળવાયુ પરિવર્તનની દિશામાં કોઈ અંતિમ સમજૂતી નથી. આપણે હજું ઘણું બધુ કરવાની જરૂર છે. સંયુક્ત રાષ્ટ્ર જળવાયુ પરિવર્તન સંમેલન કોપ૨૬માં ભારતને મોટી ડિપ્લોમેટિક જીત મળી છે. સંમેલન દરમિયાન ગ્લોબલ વોર્મિંગ મામલે થયેલી સમજૂતી દરમિયાન ભારત અંતિમ સમયમાં ૨૦૦ દેશોને એ સમજાવવામાં સફળ રહ્યું કે, કોલસાના ઉપયોગને તબક્કાવાર રીતે ખતમ કરવાના બદલે તેના ઉપયોગને તબક્કાવાર રીતે ઘટાડવામાં આવે. ભારતે સમજૂતીના અંતિમ સમયમાં કોલસાને 'ફેઝ આઉટ'ના બદલે 'ફેઝ ડાઉન'માં સામેલ કરાવ્યો. ત્યાર બાદ ભારતે પણ COP26ના એ પ્રસ્તાવનું સમર્થન કરી દીધું જેને ૨૦૦ દેશો તરફથી પસાર કરવામાં આવેલો.

## તાલિબાનીઓ દ્વારા શરિયા કાયદો લાગુ કરવા ટ્રિબ્યૂનલની રચના



નવી દિલ્હી,

અફઘાનિસ્તાનમાં કતાર દ્વારા અમેરિકા કમાન સંભાળશે. જોકે હાલ દુતાવાસ ખોલવાની કોઈ ઉતાવળ નથી. અમેરિકા અને કતારે અફઘાનિસ્તાનમાં અમેરિકી હિતોંને લઈને એક કરાર પર સહી કરી છે. હવે અમેરિકા કતાર દ્વારા અફઘાનિસ્તાનમાં કામ કરશે. કાબુલમાં અમેરિકી દુતાવાસ બંધ થયા બાદ તાલિબાન અને અફઘાનિસ્તાનના આમ લોકો સાથે જોડાવાનો અમેરિકાનો આ આમ રસ્તો છે. પોલિટિકલ એનાલિટ્સ તેને કતારની કૂટનીતિક જીત તરીકે પણ જોઈ રહ્યા છે. આ કરારો ૩૧મી ડિસેંબરથી અમલમાં આવશે. તાલિબાન અફઘાનિસ્તાનમાં શરિયા કાયદો લાગુ કરવા માટે બેકરાર છે. તાલિબાને આ માટે ત્યાં મિલિટરી ટ્રિબ્યૂનલ પણ બનાવ્યું છે. એક્સપ્રેસ ટ્રિબ્યૂને પોતાની એક રિપોર્ટમાં જણાવ્યું હતું કે આ મિલિટરી ટ્રિબ્યૂનલ પાસે દેશમાં શરિયા કાયદો લાગુ કરવાની જવાબદારી આપવામાં આવી છે. આ સૈન્ય ટ્રિબ્યૂનલને બનાવવાના આદેશ તાલિબાનના ટોચના નેતા હબીતુલ્લાહ અખુંદજાદાએ આપ્યા હતા. આ રિપોર્ટમાં ઈમાનુલ્લાહ સમાનગનીને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે મિલિટરી ટ્રિબ્યૂનલને શરિયા શાસન લાગુ કરવા, ઈસ્લામિક કાયદો લાગુ કરવા, ફરિયાદ દાખલ કરવા અને તાલિબાની અધિકારીઓ સામેની અરજીઓની સુનાવણી કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આ ઉપરાંત તેની પાસે આર્મી અને ઈંટેલિજેંસ યૂનિટ સામે મળનારી ફરિયાદોને પણ સાંભળવાનો અધિકાર હશે. અફઘાનિસ્તાનમાં આતંકી હુમલા વધવા તેમજ લઘુમતીઓને નિસાન બનાવવા મુદ્દે તાલિબાન પર અનેક સવાલો ઉઠી રહ્યા છે. હાલ આઈએસ-કે તાલિબાન માટે મોટો પડકાર બની ચુક્યું છે.

દિવાળી તથા
નવા વર્ષ નિમિત્તે સૌને શુભેચ્છા.....

સુજેલા એહમદહુસૈન ઈબ્રાહીમ

મુ. સામલી, તા. ગોધરા


દિવાળી તથા
નવા વર્ષ નિમિત્તે સૌને શુભેચ્છા.....

સુરતી એહમદ અ.રહીમ

મુ. વાવડીખૂર્દ, તા. ગોધરા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લાના માહિલાપાડ ગામે રાજયમંત્રી નીમીષાબેન સુથારે હર ઘર દસ્તક કેમ્પેઈન અંતર્ગત ઘરે ઘરે વેકસીનેશનની દસ્તક દીધી


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
કોવિડ વેકસીનેશન અંતર્ગત પહેલા અને બીજા ડોઝનું કવરેજ વધારવા કેન્દ્ર સરકાર દ્વારા હર ઘર દસ્તક કેમ્પેઈન શરૂ કરવામાં આવ્યું છે. આ કેમ્પેઈનને વેગવંતુ બનાવતા મહીસાગર જિલ્લાના માહિલાપાડ ગામે આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ રાજયમંત્રી નીમીષાબેન સુથાર અને આરોગ્ય વિભાગની ટીમે ઘરે ઘરે વેકસીનેશનની દસ્તક દીધી હતી. ગ્રામજનો ઉત્સાહભેર આગળ આવીને વેકસીનેશન કરાવ્યું હતું. તેમજ વેકસીનનો બે ડોઝ લેનાર ગ્રામજનોએ સ્વાનુભવ જણાવી અન્યને પ્રેરિત કર્યા હતા. કોવિડ વેકસીનેશનનો ડોઝ લેનાર લાભાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વેકસીનેશન પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

આ અવસરે મંત્રીએ ઉપસ્થિત ગ્રામવાસીઓને નૂતન વર્ષની સ્નેહસભર શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રીની પહેલ નિરામય ગુજરાત મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તે અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. બિનચેપી રોગો જેવા કે ડાયાબિટીસ, હાયપરટેન્શન, મોઢાના કેન્સર, સ્તન કેન્સર, સર્વાઈકલ કેન્સર, પાંડુરોગ, કિડનીની બીમારી, કેલ્શિયમની ઉણપ વગેરેનું વહેલામાં વહેલું સ્ક્રીનીંગ અને ટેસ્ટીંગ કરી જરૂરિયાતમંદ લોકોને નિઃશુલ્ક નિદાન અને ઉપચાર કરવા આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તેમ જણાવતાં સૌને સાથે મળી સર્વે સન્તુ નિરામયાઃના સંકલ્પ સાથે આ મહાઅભિયાનમાં જોડાઈ ‘‘નિરામય ગુજરાત, નિરામય ભારત’’ તરફ આગળ વધવા અનુરોધ કર્યો હતો. તેમણે આરોગ્ય વિભાગની ટીમની જહેમતને બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા.

નૂતન વર્ષમાં પોતાના મત વિસ્તારમાં મંત્રીના પ્રથમ વખત આગમનને આ વિસ્તારના ગ્રામજનોએ ઉમળકાભેર વધાવી નવાવર્ષની શુભકામનાઓ પાઠવીહતી. પુષ્પહાર, શાલ, મોમેન્ટોથી ઉષ્માસભર સ્વાગત કર્યું હતું. સ્થાનિક સમસ્યા અંગે સાંભળી ઝડપથી નિરાકરણ માટે ખાતરી આપી હતી.

આ પ્રસંગે ડો. નરેન્દ્ર ગોંસાઈ, ડો.પંકજ દામા, આરોગ્ય વિભાગની ટીમ, આશાવર્કર બહેનો, અગ્રણીઓ ભરતભાઈ બારિયા, સંજયભાઈ પટેલ, તાલુકા પંચાયતઓ, સરપંચઓ તેમજ મોટીસંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા ન્યાય સૌના માટે નિઃશુલ્ક સક્ષમ કાનુની સેવાના સંદેશ સાથે યોજાયેલા કાનૂની સેવા યજ્ઞનો સમાપન સમારોહ યોજાયો



લુણાવાડા,
રાષ્ટ્રિય કાનૂની સેવા સત્તા મંડળની અનુશ્રામાં ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટના માર્ગદર્શન અને સૂચના અન્વયે મહીસાગર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ ના ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે પાન ઈન્ડીયા અવેરનેશ કાર્યક્રમ અંતર્ગત ૨ જી ઓકટોબર ૨૦૨૧ થી ૧૪ નવેમ્બર ૨૦૨૧ સુધી યોજાયેલ લીગલ અવેરનેસ કાર્યકમના સમાપન સમારોહ પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ અને મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ ચેરમેન એચ. એ. દવેના અદયક્ષ સ્થાને લુણાવાડા બાવન પાટીદાર સમાજ ઘર ખાતે યોજાયો હતો.

આ અવસરે જિલ્લા મુખ્ય ન્યાયાધીશની સાથે જિલ્લા કલેકટર ડો.મનીષકુમાર, જિલ્લા પોલીસ અધિક્ષક આર.પી.બારોટ,એડિશનલ ડિસ્ટ્રીકટ જજ પી. એ. પટેલ, જ્યુડીશિઅલ મેજિસ્ટ્રેટ અને જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના સેક્રેટરી કર્ણ મારવાહા,મહીસાગર બાર એસોસીયેશન પ્રમુખ એમ.આર.પટેલએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.

સમાપન સમારોહને સંબોધતા મુખ્ય ન્યાયાધીશએ સહયોગ આપનાર સૌનો આભાર વ્યક્ત કરતા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના માધ્યમથી વહીવટી તંત્ર, પોલીસ વિભાગ, સ્વયં સેવી સંસ્થાઓ, સેવાભાવી નાગરીકોના સહકારથી ન્યાય સૌના માટે નિઃશુલ્ક સક્ષમ કાનુની સેવાનો સંદેશ લઈનેજજ દિવસ સુધીના આ કાનૂની સેવા યજ્ઞમાં જનજાગૃતિ માટે ૭.૯૭ લાખ લોકો સુધી પહોચવાના ભગીરથ પ્રયાસનો શ્રેય સૌને આપ્યો હતો. તેમણે આ પુર્ણ વિરામ નથી પરંતુ અલ્પ વિરામ છે તેમ જણાવી સેવા યજ્ઞની ધુણી અવિરત રાખવાની આહલેક કરી હતી.

આ કાનૂની સેવા યજ્ઞમાં સહયોગ આપી ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર ૬૫ વ્યકિતઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામા આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લાનીતમામ કોર્ટના ન્યાયાધીશઓ,હોમગાર્ડ કમાન્ડન્ટ, પીએલવી તથા બાર એસોસિએશનના વકીલઓ, અધિકારીઓ, કોર્ટના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે નોંધનીય છે કે, સમાપન સમારોહના અનુસંધાને જિલ્લા ન્યાયાલયથી સવારે બેન્ડની સુરાવલી સાથે પ્રભાત રેલીનું આયોજન થયું જે લુણાવાડા મહિલા પોલીસ સ્ટેશન પહોંચી પરત ફરી હતી. જેમાં નાગરીકો જોડાયા હતા.

# ખાનપુર તાલુકાના અનાથ બાળકો સાથે બાલદિનની અનોખી સંવેદના સભર ઉજવણી


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મહીસાગર જિલ્લાના સંવેદનશીલ કલેક્ટર ડો. મનીષકુમાર અનાથ અને જરૂરીયાત મંદ બાળકો માટે પ્રોજેક્ટસ હોપ્સ શરૂકરીપ્રેમ અને હુંફ આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. સંવેદનાની આ સાંકળને વધુ મજબુત બનાવતા જિલ્લા તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ પણ આ હદય સ્પર્શી પ્રોજેક્ટમાં જોડાઇ સ્વખર્ચે યોગદાન આપી રહ્યા છે. ત્યારે પ્રાકૃતિક વાતાવરણમાંબાકોર ખાતે જિલ્લા કલેકટરના માર્ગદર્શનમાંખાનપુર તાલુકાનાર૨ અનાથ બાળકો સાથે બાલદિનની ઉજવણીનું અધિક જિલ્લા કલેકટર એ.આઇ.સુથારે સુચારૂ આયોજન કર્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે જિલ્લા કલેક્ટર સહિત અધિકારીઓએ અનાથ બાળકો સાથે બેસીને પરંપરાગત સંગીત અને વેશભુષા સાથેના લોકનાટ્યને નિહાળતા કલા સંસ્કૃતિને માણી હતી. જ્ઞાન સાથે ગમ્મત આપતુ આ લોકનાટ્ય અબાલ વૃધ્ધ સૌનુ આકાર્ષણનું કેન્દ્ર બન્યું હતું. જિલ્લા તંત્રના સંવેદનશીલ જિલ્લા કલેક્ટર સહિત અધિકારીઓ કર્મીઓએ સ્વખર્ચે બાળકોને નવા વસ્ત્રો, સ્વેટરઅને શિક્ષણ સામગ્રી વિતરણ કરી ગુલાબનું ફુલ આપી મોં મીઠુ કરાવી બાલદિનની સંવેદનાસભર ઉજવણી કરી હતી. અનાથ બાળકોના પાલક વાલીઓ સાથે સંવાદસાધી બાળકોના સારસંભાળ અંગે માહીતી મેળવી તેમની સ્થિતિ અંગે જાણકારી મેળવી તંત્ર વધુમાં વધુ આ બાળકોને મદદરૂપ થઇ શકે તે માટેના પ્રયાસોની હૈયાધારણ આપી ત્યારે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.


અધિકારીઓએ બાળકો સાથે સંગીતના તાલે સાથ મીલાવી તેમની ખુશીમાં સહભાગી થતા બાળકો આનંદવિભોર બન્યા હતા. પ્રાકૃતિક વાતાવરણમાં આનંદ પ્રમોદના સાધનો સાથે અલ્પાહાર, ભોજનની વ્યવસ્થા ઉપરાંત આરોગ્ય તપાસણીનુંઆયોજન પણ કરવામાં આવ્યું હતું. બાલદિનની આ વિશેષ લાગણીશીલ ઉજવણીમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી નીરવ પંડ્યા, મામલતદાર તાલુકા વિકાસ અધિકારી, નાયબ મામલતદારઓ સહિત અનાથ બાળકો સાથે તેમના પાલક વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પંચમહાલ ૧૨૭ વિધાનસભાના ૩૧૫ બુથો પર મતદાર યાદી સુધારણા ૨૦૨૨નો કાર્યક્રમનો પ્રથમ દિવસ પૂર્ણ



ગોધરા,
પંચમહાલ જિલ્લા ચૂંટણી અધિકારી ગોધરા દ્વારા ૧૨૭ વિધાનસભાના ૩૧૫ બુથો પર મતદાર યાદી સુધારણા ૨૦૨૨ ની ચકાસણી માટે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જોકે ચૂંટણી અધિકારી દ્વારા ૧૨૭ વિધાનસભાના ૩૧૫ બુથો પર ૧૪ નવેમ્બર,૨૧ નવેમ્બર, ૨૭ નવેમ્બર અને ૨૮ નવેમ્બર આમ ચાર દિવસ મતદાર યાદી ચકાસણી માટે બુથો પર કામગીરી શરૂ કરવામાં આવી છે. ૧૨૭ વિધાનસભાના ૩૧૫ બુથો પર મતદાર યાદી સુધારણા કાર્યક્રમની બી.એલ.ઓ.ને કામગીરી સોંપવામાં આવી હતી. ૩૧૫ બુથો પૈકી કાલોલ તાલુકાના ૨૦૪ બુથો અને ઘોઘંબા તાલુકાના ૧૧૧ બુથો પર મતદાર યાદી સુધારણા ઝુંબેશના પ્રથમ દિવસે કામગીરી શરૂ કરવામાં આવી હતી. ૧૨૭ વિધાનસભાના ૩૧૫ બુથો પર બે બી.એલ.ઓની ગેરહાજરી જોવા મળી હતી. જયારે અન્ય બુથો પર સમયસર બીએલઓએ હાજરી આપી પ્રથમ દિવસે નિષ્ઠાપૂર્વક કામગીરી પૂર્ણ કરી હતી. મતદાર યાદી સુધારણા ૨૦૨૨ ના ચકાસણી ઝુંબેશ કાર્યક્રમમાં મતદારોના રહેઠાણ વિસ્તારની મતદારયાદીમાં નામ નોંધાવા,રદ કરવા કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે ૩૧૫ બુથો પર બી.એલ.ઓ દ્વારા કરવામાં આવતી મતદાર યાદી ચકાસણી ઝુંબેશના કેટલાક બુથો પર નાયબ કલેકટર સ્ટેપડ્યુટી કુમારી અમીતાબેન પારગી તેમજ કાલોલ તાલુકા વિકાસ અધિકારી તેજલબેન સંગાડા એ મુલાકાત લીધી હતી.

# ૮૮૭ કિલો સોપારી તથા ચોરી માટે ઉપયોગ લીધેલ ટ્રક સાથે બે ઈસમોને SOGએ ઝડપ્યા



ગોધરા,
ગોધરા એસ.ઓ.જી. પોલીસને બાતમી મળી હતી કે, ધંતીયા પ્લોટમાં રહેતા અને નડીયાદ રૂલર પોલીસ મથકના ગુનામાં વોન્ટેડ આરોપી ગોધરા-વડોદરા રોડ ઉપર ટ્રકમાં ફરી રહ્યો હોય તેવી બાતમીના આધારે ટ્રકમાં ૮૮૭ કિલો સોપારી ટ્રક મળી ૧૦,૫૩,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એસ.ઓ.જી. પોલીસને બાતમી મળી હતી કે, ગોધરા ધંતીયા પ્લોટ હમીરપુર રોડ મકરી મસ્જીદ પાસે રહેતા નડીયાદ રૂલર પોલીસ મથકના ગુનાના આરોપીઅરફાક અબ્દુલ્લા ઝભ્ભા જે ટ્રક નંબર જીજે.૦૯.ઝેડ.૨૨૩૯માં ગોધરા-વડોદરા રોડ ઉપર ફરી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે બાતમીવાળી ટ્રક સાથે અસ્ફાક અબ્દુલ્લા ઝભ્ભા, સોહેલ ઈમરાન મફતને ઝડપી પાડયા હતા. ટ્રક માંથી સોપારી ભરેલ બોરીયો નંગ-૧૫ વજન ૮૮૭ કિલો કિંમત ૪,૪૩,૫૦૦/-રૂપીયા ટ્રક ૬,૦૦,૦૦૦/-રૂપીયા, મોબાઈલ નંગ-૨ મળી કુલ ૧૦,૫૩,૦૦૦/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. ટ્રક માંથી મળી આવેલ સોપારીનો જથ્થો સાબરકાંઠા જીલ્લાના તલોદ પોલીસ મથક વિસ્તાર માંથી ચોરી થયેલ હતો. ગોધરા એસ.ઓ.જી. પોલીસે બે આરોપીને ગણતરીના કલાકમાં ઝડપી પાડવામાં આવ્યા. પોલીસે ઝડપી પાડેલ અસ્ફાક અબ્દુલા ઝભ્ભા અમદાવાદ અસલાલી, વાપી, જી.આઈ.ડી.સી., મોરબી અને સુરેન્દ્રનગર, ગોધરા એ ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ હોવાનું ખુલવા પામ્યું છે.

# ગોધરા ગાયત્રી મંદિર પાસે રાજયકક્ષા મંત્રી દ્વારા ડાયાબીટીસ કેમ્પનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું



ગોધરા,
વિશ્વ ડાયાબીટીસ દિન નિમિત્તે લાયન્સ કલબ ગોધરા અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર જીલ્લા પંચાયત આરોગ્ય શાખાના સંયુક્ત ઉપક્રમે ગોધરાના વિવિધ ૧૨ સ્થળોએ મફત ડાયાબિટીસ ચેકઅપ કેમ્પ રાખવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ૬૭૨ જેટલા લોકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. જેમાં બી.પી.ના ૭૬ અને ડાયાબીટીસના ૬૬ જેટલા પેશન્ટો મળી આવ્યા હતા. આ કેમ્પનું ઉદઘાટન ગાયત્રી મંદિર ખાતે રાજયના આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથારના હસ્તે કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ગાયત્રી પરિવારના શિવનદાસ કલવાણી લાયન મલ્ટીપલ કાઉન્સિલના ચેરમેન જે.પી. ત્રીવેદી, માજી ડિસ્ટ્રિકટ ગવર્નર પ્રભુદયાલ વર્મા, ઝેડ સી હેમંત વર્મા, લાયન પ્રમુખ શૈલેષ શેઠ, મંત્રી કેતકી સોની લાયન્સ કલબના સભ્યો ગાયત્રી પરિવારના પરિજનો આરોગ્ય શાખાના કર્મીઓ ઉપસ્થિત રહી આ કેમ્પને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે રાજ્યના આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથારે રાજ્ય સરકાર દ્વારા થઈ રહેલ આરોગ્યલક્ષી સેવાઓની જાણકારી આપી હતી અને ગાયત્રી પરિવાર તથા લાયન્સ કલબની સામાજિક સેવાઓની પ્રશંસા કરી હતી.

## ગુજરાત યુનિવર્સિટીની લાયબ્રેરીમાં

# પ્રજ્ઞા પુસ્તક પરબ હેઠળ વિનામુલ્યે ૧ રૂપિયાથી પુસ્તક અપાશે




અમદાવાદ,
ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે અભ્યાસપૂર્ણ કરી ગયા બાદ તેમજ સમાજના નાગરિકોમાંથી અભ્યાસલક્ષી અને સમાજલક્ષી પુસ્તકો ભેટમાં આપવા અંગેની ઘણી ઈક્વાયરી આવતી હોય છે. ત્યારે અમે સામાન્ય રીતે આ ઈક્વાયરી અંતર્ગત જે તે વિદ્યાર્થી અર્થાત વિષયલક્ષી જરૂરિયાત હોય ત્યાં રિફર કરતા હોઈએ છે. પરંતુ આ અભિયાન અંતર્ગત હવેથી વિષયોને છટણી કરીને ભેટમાં આવેલ પુસ્તકો આ અભિયાન હેઠળ વિદ્યાર્થીઓ અને નાગરિકોને વિનામૂલ્યે આપવામાં આવશે. આ અંતર્ગત ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે મહિનામાં બીજા અને ચોથા શનિવાર રોજ વિદ્યારર્થીગણ સહિત નાગરિકોને પણ પુસ્તકો વિના મૂલ્યે વાંચનાર્થે આપવામાં આવશે. ગ્રંથાલય દ્વારા આ માટે ગ્રંથાલયની સામે આવેલા બગીચામાં વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓના અવર-જવરના રસ્તે આ "પ્રજ્ઞા પુસ્તક પરબ" અંતર્ગત સવારે ૯થી બપોરે ૧૨ કાર્યરત રહેશે. ગુજરાત યુનિવર્સિટીના સિન્ડીકેટ સદસ્ય અને પ્રોફેસર ડો.મયુરી ભાટીયા સાથે પ્રોફેસર અને સેનેટ સભ્ય ડો.મુકેશ ખટીક દ્વારા પુસ્તકો ભેટમાં આપવાની તૈયારી દર્શાવી છે, સાથે આ અભિયાનમાં વિદ્યાર્થીઓ સહિત સમાજના નાગરિકો પણ જોડાઈ શકશે. આ અભિયાનમાં ભેટમાં આવેલ પુસ્તકો જેમાં શિક્ષણના વિષયલક્ષી સાથે સામાજિક બાબતોને આવરી લેતા રૂ.૧થી લઈને રૂ.૫૦૦૦ સુધીના પુસ્તકો જે કિંમત અને કન્ટેટ બંને રીતે આવરી લેવામાં આવેલા છેગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના ગાર્ડન ખાતે "પ્રજ્ઞા પુસ્તક પરબ" શરૂ કરવામાં આવેલી છે યુનિ.ને દાનમાં મળેલા પુસ્તકોનું વિદ્યાર્થીઓને અને વાંચન પ્રેમીઓમાં વિતરણ કરાશે સમગ્ર ભારતમાં ૧૪ થી ૨૧ નવેમ્બર સુધી રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરવામાં આવતી હોય છે. હાલમાં આઝાદી કા અમૃત મહોત્સવ ઈન્ડિયા @75 હેઠળ સમગ્ર ભારતમાં જાહેર, સામાજિક અને ખાનગી સંસ્થા તથા રાજકીય પક્ષો દ્વારા પણ ઉજવણી કરવામાં આવી રહી છે. આ પ્રસંગે દિવાળી બાદ ગુજરાત યુનિ.માં શૈક્ષણિક કાર્ય શરૂ થવાના પ્રારંભે જ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના ગાર્ડન ખાતે "પ્રજ્ઞા પુસ્તક પરબ" શરૂ કરવામાં આવેલી છે. આ અંગે કુલપતિ પ્રોફે. ડો.હિમાંશુ પંડયાએ શુભેચ્છા પાઠવી હતી. સાથે જ આ "પ્રજ્ઞા પુસ્તક પરબ"ના શુભારંભે ઉપકુલપતિ ડો.જગદીશ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કા.ગ્રંથપાલ અને ઉપકુલપતિ દ્વારા ગ્રંથાલય ખાતે વાંચન કરવા આવતી વિદ્યાર્થિનીને પુસ્તક ભેટમાં આપી આ "પ્રજ્ઞા પુસ્તક પરબ"ની શરૂઆત કરી હતી. કા.ગ્રંથપાલ ડૉ.યોગેશ પારેખે જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટી ખાતે બહુવિધ સંખ્યામાં શેહરી વિસ્તાર સાથે અંતરિયાળ વિસ્તાર અને ગામડાના વિદ્યાર્થીઓ વધુ અભ્યાસ અર્થે આવતા હોય છે. જેમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ સાથે જે વાંચન પ્રેમી છે તેઓને આ અંતર્ગત સાંકળી લેવાયા છે. સાથે આવા ભેટમાં આવેલા પુસ્તકોનો યોગ્ય ઉપયોગ થાય, તેના વાંચકો સુધી પહોંચે એ શુભ આશયથી આ અભિયાન શરૂ કરવામાં આવેલ છે.

# તહેવારો બાદ વધતા જતાં કેસોની સામે સરકાર રાત્રિ કર્ફ્યુંનો સમય વધારી શકે છે



અમદાવાદ,
દિવાળીમાં બહાર ફરીને આવેલા નાગરિકો પૈકી કેટલાક કોરોના પોઝિટિવ આવ્યા હતા. મ્યુનિ.એ આ કોરોના સંક્રમિતોના સંપર્કમાં આવેલા લોકોનો ટેસ્ટ કરાવ્યો હતો. આમ કોન્ટેક્ટ ટ્રેસિંગમાં ૧૦ કેસ પકડાયા હતા. દિવાળીની રજાઓ માણી બહારથી આવતા તમામ નાગરિકોના કોરોના ટેસ્ટિંગ માટે કેટલાક વિસ્તારોમાં ડોમ શરૂ કરી દેવામાં આવ્યા છે. એસટી સ્ટેન્ડ, રેલવે સ્ટેશન તેમજ શહેરના એન્ટ્રી પોઈન્ટ પર ટેસ્ટ માટે વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લા ચાર દિવસમાં સંક્રમિત થયેલા લોકોમાંથી ૭૦ ટકા રાજ્ય બહારથી ફરી પરત આવ્યા હતા. શનિવારે શાહઆલમ પાસેના ટેસ્ટિંગ ડોમ પર ટેસ્ટ કરાવવા માટે લાંબી લાઈન લાગી હતીમુખ્ય સચિવ પંકજકુમારે રાજ્યના મ્યુનિસિપલ કમિશનરો તથા જિલ્લા કલેક્ટરો સાથે બેઠક યોજીને એલર્ટ રહેવા સૂચના આપી શહેરોમાં જાહેર સ્થળોએ સ્ક્રિનિંગ તથા બગીચા, બસ સ્ટેશન, એરપોર્ટ અને રેલવે સ્ટેશન સહિતના સ્થળોએ પણ ચેકિંગ કરાશે દિવાળીના તહેવારો બાદ રાજ્યભરમાં કોરોનાના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. કોરોનાના કેસો વધતા ગઈકાલે જ ગાંધીનગરમાં મુખ્ય સચિવ પંકજકુમારે રાજ્યના મ્યુનિસિપલ કમિશનરો તથા જિલ્લા કલેક્ટરો સાથે બેઠક યોજીને એલર્ટ રહેવા સૂચના આપી હતી. એવામાં હવે દૈનિક કેસોમાં ઉછાળો આવતા કેસો વધ્યા તે મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂના સમયમાં પણ વધારો કરી શકાય છે. કોરોનાના કેસમાં ઉછાળો આવતા હવે અમદાવાદ સહિતના મોટા શહેરોમાં ડોમ ઉભા કરી ફરી ટેસ્ટિંગ કરવામાં આવશે. સાથે જ RT-PCR ટેસ્ટમાં પણ વધારો કરવામાં આવી શકે છે. કોરોના વધુ વકરે નહીં તે માટે શહેરોમાં જાહેર સ્થળોએ સ્કિનિંગ કરવા તથા બગીચા, બસ સ્ટેશન, એરપોર્ટ અને રેલવે સ્ટેશન સહિતના સ્થળોએ પણ સઘન ચેકિંગ કરવામાં આવશે. નોંધનીય છે કે અમદાવાદમાં બે દિવસ પહેલાથી જ AMTS, BRTS, બગીચા અને કોર્પોરેશનની તમામ બિલ્ડિંગ-જગ્યામાં પ્રવેશ પહેલા કોવિડ વેક્સિનેશનના સર્ટિફિકેટ તપાસવાની શરૂઆત કરવામાં આવી છે.

# સુરતમાં તહેવાર બાદ કોરોનાએ ફરી માથું ઉંચક્યું : તંત્રમાં દોડધામ

સુરત,
રાંદેર-અડાજણ વિસ્તારમાં આખો પરિવાર કોરોના સંક્રમિત થતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે.એક જ પરિવારના બે બાળકો સહિત ૫ કોરોના સંક્રમિત થયા હતા. પરિવારના વડીલ પુણે લગ્ન માં ગયા હતા.આખો પરિવાર સંક્રમિત થતા આરોગ્ય વિભાગની ચિંતા વધી છે. પરિવારના સભ્યોએ વેક્સિનના બન્ને ડોઝ પણ લીધા હતા.સુરતમાં એક દિવસમાં ૭ પોઝિટિવ કેસો આવ્યા અને તે તમામ રાંદેર ઝોનમાંથી મળ્યા છે. શહેરમાં ૦૭ અને જિલ્લામાં ૦૧ કેસ સાથે ગત રોજ શહેર જિલ્લામાં કોરોનાના વધુ ૦૮ કેસ પોઝિટિવ નોંધાયા હતા. આ સાથે શહેર અને જિલ્લામાં કોરોનાના પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૧૪૩૯૭૦ થઈ ગઈ છે. જિલ્લામાં કોરોનાના એક પણ દર્દીનું મોત નીપજ્યું નથી. અત્યાર સુધીમાં શહેર જિલ્લામાં કોરોનાનો કુલ મૃતાંક ૨૧૧૬ થયો છે. આજે શહેરમાંથી ૦૪ અને જિલ્લામાંથી ૦૧ સહિત ૦૫ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતા તેમને રજા આપવામાં આવી હતી. અત્યાર સુધીમાં શહેર જિલ્લામાં ૧૪૧૮૦૯ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થઈ ચુક્યા છે. હાલ શહેર જિલ્લામાં એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૪૫ થઈ છે. તહેવારોની રજા પૂર્ણ થતાં જ ફરી રસીકરણ તેજ કરવામાં આવ્યું છે. શહેરમાં પ્રથમ ડોઝ માટે ૩૧ સેન્ટર પર જ જ્યારે ૧૧૯ સેન્ટર પર બીજા ડોઝ માટે રસી અપાઈ રહી છે. જ્યારે ૯ સેન્ટર પર એપાઈન્ટમેન્ટ લેનારાને રસી અપાઈ રહી છે. ૨ સેન્ટર પર વિદેશ જનારા માટે ખાસ વેક્સિન અપાઈ રહી છે. જ્યારે ૧૩ સેન્ટર પર કોવેક્સિન આપવામાં આવી રહી છે. આજે ૧૭૪ જેટલા સેન્ટર પર રસીકરણ શરૂ કરવામાં આવ્યું છે. વહીવટી તંત્ર દ્વારા રેલવે ટેશન બસટેશન બાદ બગીચા એક્વેરિયમ જેવા જાહેર હરવા-ફરવાના સ્થળો ઉપર પણ ચેકિંગ માટે આરોગ્ય વિભાગની ટીમ અને ખડેપગે ઊભી રાખી છે. તમામ સ્થળો ઉપર લોકો નું ટેસ્ટિંગ પૂરજોશમાં કરવામાં આવી રહ્યું છે. દિવાળી બાદ વહીવટી તંત્રને શંકા હતી કે કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં વધારો થઈ શકે છે અને સ્થિતિ હવે ધીરે ધીરે તરફ આગળ વધતી દેખાઈ રહી છે. સુરત શહેરમાં પ્રથમ તો સો ટકા લોકોને આપવા ગયા બાદ બીજા દોસ્ત માટે લોકો ઉદાસીન દેખાઈ રહ્યા છે. મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ કહ્યું કે, લોકોએ સતર્ક અને સુરક્ષિત રહેવું જોઈએ. બીજો ડોઝ અત્યાર સુધીમાં ૭૬ ટકા લોકોને આપવામાં આવ્યો છે. હજી પણ છ લાખ કરતાં વધારે લોકોએ બીજો ડોઝ લીધો નથી. કોરોના સામે સુરક્ષિત થવા માટે બંને ડોઝ લેવા જરૂરી છે. જેથી કરીને સંક્રમણનું જોખમ વધે નહીં. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. લોકોની સોસાયટીઓમા ઘરે ઘરે જઈને વ્યક્તિને આપવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જાહેર સ્થળો ઉપર પણ કોરોના ટેસ્ટિંગ માટેની ટીમ રાખવામાં આવી છે. જેથી કરીને ઝડપથી ટ્રેસ કરીને તેને સારવાર આપી શકાય. સુરતના તમામ લોકોને મારી અપીલ છે કે, ઝડપથી બીજો ડોઝતમે પોતે પણ લઈ લો અને તમારા મિત્ર વર્તુળમાં કે, સંબંધીઓમાં પણ જો કોઈ બાકી હોય તો તેને પણ આગ્રહ કરીને બીજો ડોઝ લેવા માટે પ્રોત્સાહિત કરોસુરતમાં દિવાળી બાદ કોરોના માથુ ઉચકી રહ્યું છે. જોકે, કેસ વધવા છતાં ૬ લાખ લોકો હજી પણ બીજો લીધો નથી. ગત રોજ શહેર જિલ્લામાં ૮ કેસનો વધારો થયો છે. જેથી કોરોના કેસનો આંકડો વધીને ૧,૪૩,૯૭૦ થયો છે. આ સાથે જ તહેવારોની રજાઓ પૂર્ણ થતાં કોરોના વેક્સિનેશનની કામગીરી પણ તેજ કરવામાં આવી છે. આજે ૧૭૪ સેન્ટર પર રસીકરણ કરવામાં આવી રહ્યું છે.ઘરે ઘરે જઈને વેક્સિન આપવામાં આવી રહી છે.રાંદેર અડાજણ વિસ્તારમાં આખો પરિવાર કોરોના સંક્રમિત થતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે.કોર્પોરેશન દ્વારા જાહેર સ્થળો ઉપર ટેસ્ટિંગ હાથ ધર્યું છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દેવગઢબારિયા નગરના ST ડેપોના વર્ક શોપમાં મુકેલા ST બસમાં એકા એક આગ લાગતા નાસભાગ મચી



દે.બારીયા,

દેવગઢબારિયા નગરમાં એસ.ટી.ડેપોના વર્કશોપમાં મૂકેલી એક એસટી બસમાં એકાએક આગ લાગતાં દોડધામ મચી પાલિકાના ફાયર ફાઈટરે આગ ઉપર કાબૂ મેળવતા એસટી તંત્રે હાશકારો અનુભવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ તારીખ ૧૪ નવેમ્બરના રોજ વહેલી સવારે નગરમાં આવેલ એસ.ટી.ડેપોમાં દેવગઢ બારીયા થી સેલવાસ ફુટની બસ નંબર જીજે. ૧૮. ૩૧૯૭ ના ચાલકે બસની મેન્ટેનન્સ માટે વર્કશોપમાં મૂકી હતી અને તે પછી બસની વોશિંગ માટે મૂકવામાં આવી હતી. ત્યાર પછી બસના ચાલકે બસને ચાલુ કરવા જતા બસનું સ્ટેટસ ચોટી ગયુ હોય એમ લાગતા બસને ફરી વર્કશોપમાં મૂકવામાં આવી હતી. ત્યારે થોડીવારમાં બસના આગળ ભાગે ધુમાડો નીકળતા વર્કશોપમાં રહેલા કર્મીઓએ બસમાં જઈને જોતા બસના એન્જિનના ભાગે આગ લાગી ગઈ હતી અને તેમાંથી એકાએક ધુમાડાના ગોટા નીકળતા કર્મીઓ દ્વારા આગ ઓલવવા માટેની કાર્યવાહી હાથ ધરી હતી. કર્મીઓ આજે ઉપર કાબૂ મેળવે તે પહેલાં જ આઠ બેકાબૂ બની આંખના કોટા નીકળતા આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા. ત્યારે ડેપોમાં મુકેલા અગ્નિશામકના સાધનોનો ઉપયોગ કરતા તે પણ કાર્યરત થયેલ નહીં અને આગ વધુ વિકરાલ બનતા અન્ય બસો તેમજ અન્ય સાધન સામગ્રીને આગ લાગે તે પહેલાં જ પાલિકાના ફાયર ફાઈટરની જાણ કરતા તે તાત્કાલીક દોડી આવી આગ ઉપર કાબૂ મેળવતા એસટી બસના આગળનો ભાગ બળીને ખાખ થઈ ગયો હતો. ત્યારે આ આગ ઉપર ફાયર ફાઈટર કાબૂ મેળવતા છે. એસટી તંત્રના કર્મીઓએ હાશકારો અનુભવ્યો હતો. તારે આ બનાવમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. હાલ આ બનાવ શોર્ટ સર્કિટથી બન્યો હોવાનું અનુમાન એસટી તંત્રના કર્મીઓ લગાવી રહ્યા છે.

- નગરના એસ.ટી. ડેપોના વર્કશોપમાં એક બસમાં એકાએક આગ લાગતાં બસ બળીને ખાખ.
- ૯ આગ લાગવાનું કારણ શોટર્સર્કિટ કે અન્ય કોઈ તે તપાસનો વિષય Whatsapp માં મુકેલા અગ્નિશામક દળના સાધનો કાર્યરત ન થતા દોડધામ મચી.
- પાલિકાના ફાયર ફાયટરોએ આગ ઉપર કાબૂ મેળવતા એસટી તંત્રના સ્ટાફે હાશકારો અનુભવ્યો.

### ૧૦૮ ની સરાહનીય કામગીરી

# એક દિવસમાં જુદા જુદા બે પ્રસુતાની એમ્બ્યુલન્સમાં જ કરાવી ડિલિવરી

દાહોદ,

રાજયની ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ખરેખર લોકો માટે આશીર્વાદ સમાન બની છે. ત્યારે એકવાર ફરીથી શહેરમાં ૧૦૮ મહિલા અને તેમના બાળક માટે દેવદૂત સાબિત થઈ હોવાનું સામે આવ્યું છે. જેમાં એક પ્રસૂતાની ૧૦૮ ના ઈમરજન્સી મેડિકલ ટેકનિસિયનએ એમ્બ્યુલન્સમાં મહિલાની સફળ ડિલિવરી કરાવી હતી અને બાદમાં માતા અને પુત્રને નજીક ની હોસ્પિટલ માં ખસેડાયા હતા.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ શહેરમાં વાઘેલા ગામમાં રહેતા ડામોર સુશીલાબેન મુકેશભાઈને ગત તારીખ ૧૨ના રોજ રાત્રે ૨૩:૩૦વાગ્યાના અરસામાં અચાનક પ્રસુતિની પીડા ઉપડતા તેઓને તાત્કાલિક પ્રસુતિ માટે લાઇ જવાની ફરજ પડી હતી. જેથી ૧૦૮ એમ્બ્યુલન્સ નો સંપર્ક કરતા પેથાપુર લોકેશનની ૧૦૮ ના પાયલોટ સુરેશભાઈ નીસરતા અને ઈએમટી સંજયભાઈ નીસરતા તાબડતોડ ઘટના સ્થેળે પહોંચ્યા હતા. મહિલાને વધુ દુખાવો થતા ૧૦૮ના ઈએમટી સંજયભાઈએ ઓનલાઈન ફિજીસીયનના માર્ગદર્શન હેઠળ સ્થળ ઉપર મહિલાની નોર્મલ પ્રસુતિ કરાવી માતા અને બાળકનો જીવ બચાવ્યો હતો અને બાદમાં બંનેને નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેને લઈને મહિલા અને તેમના પરિવાર દ્વારા ૧૦૮ ની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

બીજા કેસમાં જાણવા મળતી વિગત મૂજબ વકોલ ગામમાં રહેતા રમીલાબેન સુભાષભાઈ તાવિયાડને અચાનક પ્રસુતિની પીડા ઉપડતાં તેઓને સારવાર માટે લઇ જવાની ફરજ પડી હતી. જેથી ૧૦૮ એમ્બ્યુલન્સનું સંપર્ક કરતા લીમડી લોકેશનની ૧૦૮ નાં પાઇલટ અનિલભાઈ બારીયા અને ઈએમટી વિજયભાઈ ભુરીયાને તાવડતોડ ઘટના સ્થળે પહોંચી ૧૦૮નાં EMT વિજયભાઈને ઓનલાઇન ફીજીશિયનનાં માર્ગદર્શન હેઠળ એમ્બ્યુલન્સમાં મહિલાની નોર્મલ પ્રસૂતિ કરાવી માતા અને બાળકનું જીવ બચાવ્યો હતો અને બાદમાં બંનેને નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. આવી સરસ સેવા જોઈને બધાને ટીમનું આભાર વ્યક્ત કર્યો હતો.

# દે.બારીયામાં જશ્ને ગૌષુલવરાનું આસ્થા સાથે ધામધૂમથી આયોજન થાય છે

દે.બારીયા,

દે.બારીયા શહેરના કસ્બા તથા ભે દરવાજાના સુન્ની મુસ્લીમોના દ્વારા વર્ષોની પરંપરા મુજબ જશ્ને ગૌષુલવરાનું રબીઉલ આખીરની પહેલી ચાંદ રાત થી ૧૧મી ના ચાંદ સુધી દરરજો રાત્રે ઈશાની નમાઝ બાદ ઉસ્કુલ્લા શાહ બાબાના આસ્તાના પર તકદીરનો પ્રોગ્રામ ૧૦ થી ૧૧ કલાક સુધી થાય છે. જેમાં પીરાને પીર રોશન જમીર શેખ અબ્દુલ કાદીર જીલાની ખત્બે રબ્બાની મહબુબે સુબહાની કીંદીલે લાસાનીના પેદાઈશ થી લઈને (તાલીમ) શિક્ષણ મેળવવા માટે જીલાના સચ્ચાઈ ઉપર અડગ રહીને ડાકુઓને રાહે રાસ્ત ઉપર લાવ્યા તે અને બચપણાની કરામતોમાં રમઝાન માસમાં રોઝાના સમય દરમિયાન તેમની માતાનું દુક ન પીતા હતા. ઈફતારના સમયે દુધ પીવાનું શરૂ કરી નાનપણમાં રોઝાની એહમીયત બતાવી હતી. તેમના જીવન ચરિત્ર ઉપર ઓલ્માએ એહલે સુન્નત તકદીર કરાત હોય છે. જેમાં ખૂબ મોટી સંખ્યામાં અકીદત મંદો ઠંડીની રાતમાં આવી પોતાની આસ્થામાં વધારો કરી રહ્યા છે. હાફીઝ આશીફ અશરફી પેસ ઈમામ કસ્બા, કાસીમ રજામિસ્બાહી મદ્રેસાએ કાદરીયા, મોલાના અરમાન, રજા મુર્દરીશ ફૈજાને અશરફ મદ્રેસા, મૌલાના ઈસ્માઈલ રજા પેશ ઈમામ વ.ખતિબ જામા મસ્જીદ કરતા પોતાના અંદાજમાં દીલાન મુજાવ કરનાર તકરી કરી રહ્યા છે.

# લીમખેડા SBI ગ્રાહકની થેલી માંથી ૪૯ હજાર રૂપીયા થેલી કાપી રોકડ લઈ ફરાર

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા નગરમાં એસબીઆઈ બેન્ક ખાતે એક બેન્કના ગ્રાહક પાસેથી કોઈક ચોર ગઠીયાએ રોકડા રૂપીયા ૪૯,૦૦૦ ભરેલ થેલી કાપી રોકડા રૂપીયા લઈ ફરાર થઈ જતાં બેન્ક આલમમાં ચકચાર મચી જવા પામી હતી.

ગત તા.૨૭મી ઓક્ટોમ્બરના રોજ દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના આંબળીયા ગામે વાવડી ફળિયામાં રહેતાં ભારતીબેન નાનસીંગભાઈ મછાર સવારના ૧૧.૩૦ કલાકના આસપાસ લીમખેડા નગરમાં આવેલ એસ.બી.આઈ. બેન્કની શાખામાં ગયાં હતાં. બેન્કમાં તેઓ પોતાની સાથે રોકડા રૂપીયા ૪૯,૦૦૦ ભરેલ થેલી લઈ ઉભા હતાં. આ દરમ્યાન કોઈ ચોર ઈસમે પોતાનો કસબ અજમાવી રોકડા રૂપીયા ભરેલ થેલીને કાપી રૂા. ૪૯,૦૦૦ લઈ ફરાર થઈ જતાં આ બાદ આ અંગેની જાણ ભારતીબેન નાનસીંગભાઈ મછારને છતાં બુમાબુમ છવાઈ ગઈ હતી.

સમગ્ર મામલે લગભગ બનાવના ૧૫ થી ૧૭ દિવસ બાદ આ સંબંધે ભારતીબેન નાનસીંગભાઈ મછારે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદની પરણિતાને પતિ અને સાસરીયા દ્વારા ત્રાસ અપાતાં પોલીસ મથકે ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરમાં રહેતી એક ૨૧ વર્ષીય લઘુમતિ કોમની પરણિતાને પતિ તથા સાસરીયાઓ દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપી પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતાં આ સંબંધે પરણિતા દ્વારા દાહોદ મહિલા પોલીસ મથકે ન્યાયની ગુહાર માટે દરવાજા ખટખટાવ્યાંનું જાણવા મળે છે.

દાહોદ શહેરમાં જુનાવણકરવાસમાં રહેતી ૨૧ વર્ષીય રૂકૈયાબેન સુફીયાનભાઈ કુરેશીના લગ્ન દોઢેક વર્ષ અગાઉ સમાજના રિતી રિવાજ મુજબ તેમના વિસ્તારમાં રહેતાં સુફીયાનભાઈ રીજવાનભાઈ કુરેશીની સાથે થયાં હતાં. લગ્નના થોડા સમય સુધી રૂકૈયાબેનને સારૂં રાખ્યાં બાદ પતિ તથા સાસરીયાઓનું પોત પ્રકાશ્યું હતું અને પતિ સુફીયાનભાઈ દ્વારા બેફામ ગાળો બોલી, મારે તને રાખવી નથી, તુમ મને ગમતી નથી, મારે બીજી પત્નિ લાવવાની છે તેમ કહી શારિસીક અને માનસીક ત્રાસ આપતો હતો અને મારઝુડ કરતો હતો તેની સાથે સાથે રૂકૈયાબેનના સાસરીપક્ષના રીજવાનભાઈ ઉસ્માનભાઈ કુરેશી, સાહીનભાઈ રીજવાનભાઈ કુરેશીનાઓ ખોટી ચઢામણી કરતાં હતાં અને મેણા ટોણા મારી શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આ સંબંધે આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતા રૂકૈયાબેન સુફીયાનભાઈ કુરેશીએ દાહોદ મહિલા પોલીસ મથકે પોતાના પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ તાલુકા પંચાયત સભ્ય ના પતિને ઝાલોદ પોલીસે ૩૩ હજાર ઉપરાંતના દારૂ સાથે ઝડપ્યો



ઝાલોદ,

ઝાલોદની રાજસ્થાન સીમા પર આવેલી પોલીસ ચોકી પર, પોલીસની વોચ દરમ્યાન પોલીસે પોતાના કબ્જાની ટાટા નેકસોનમાં કુલ ૩૩,૮૪૦/- ની રકમનો દારૂ લઈ જતા ઝાલોદ સંદેશનો પત્રકાર અને ઝાલોદ તાલુકા પંચાયત સભ્યના પતિ બિરેન ભાભોર સહિત અન્ય એક ને ઝડપી પાડ્યો હતો. જેને લઈને નગર સહિત પંથકમાં વિવિધ ચર્ચાઓ એ જોર પકડ્યું હતું. પોલીસે આ અંગે ગુન્હો નોંધી આગળની કાર્યવાહી પણ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર હાલ રાજ્યમાં હાલ દારૂ બંધીનો અમલ પોલીસ દ્વારા હાલ કડક હાથે કરવામાં આવી રહ્યો છે. જેને કારણે દારૂનું દૂષણ ડામવા પોલીસ હાલ તો સફળ થઈ રહી છે અને પોલીસ મોટા મોટા ચમરબંધીઓને પણ આ ગુન્હામાં હાલ જેલ ના સળિયા પાછળ મોકલી ચૂકી છે. ત્યારે ૧૩ નવેમ્બરને શનિવારના રોજ પોલીસને મળેલી બાતમીના આધારે પોલીસે ધાવડિયા ચેક પોસ્ટ પર ચેકીંગ કરતા, વર્ષો થી દારૂના ધંધા માં સંકળાયેલ અને હાલ ઝાલોદ ખાતે સંદેશનો પત્રકાર અને ઝાલોદ તાલુકા પંચાયત સભ્યનો પતિ બિરેન લાલુ ભાભોરના કબ્જાની ટાટા નેકસોન કારની ચેકીંગ કરતા ગાડીની ડિકીમાં ભારતીય બનાવટ ની વિવિધ ૧૪ નંગ પેટીઓ જેમાં બિયર તથા ઈંગ્લિશ દારૂ ની બોટલ કુલ ૩૧૨ મળી આવી હતી.

પોલીસે કુલ કિંમત ૩૩,૮૪૦/- ના દારૂ સાથે ટાટા નેકસોન ગાડી મળી અને કુલ ૫,૩૬,૩૪૦/- નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો અને સંદેશ પત્રકાર બિરેન લાલુ ભાભોર રહે.રણિયાર સરકારી તથા વિજય નટવર બારીયા રહે. રણિયાર સરકારી ની ધરપકડ કરી હતી તથા રણીયારના કુખ્યાત બુટલેગર રૂપેશ કોળી તથા રાજસ્થાનના અન્ય એક અજાણ્યા ઈસમ એમ કુલ ૪ વ્યક્તિઓ સામે ગુન્હો નોંધી અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દારૂના અન્ય ગુન્હાઓમાં પણ સંકળાયેલ પત્રકારની દારૂ સાથે રંગે હાથ ધરપકડ કરવામાં આવતા, પત્રકાર દ્વારા પણ આવા ગોરખ ધંધા કરવામાં આવે તે શરમ જનક હોવાના ગણગણાટ સાથે નગર સહિત પંથકમાં વિવિધ ચર્ચાઓએ જોર પકડ્યું હતું.

# લીમડી પોલીસ ધાડ અને ખૂનના ગુનાના વોન્ટેડ આરોપીને ઝડપ્યો



લીમડી,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી પોલીસ મથકમાં ધાડ સાથે ખુનના ગુન્હાના વોન્ટેડ તેમજદાહોદ ટાઉન પોલીસ સ્ટેશનના ચોરીઓના ગુન્હાઓના મધ્યપ્રદેશના ખુંખાર હીસ્ટ્રીશીટર આરોપીને લીમડી પોલીસે ઝડપી પાડ્યાંનું જાણવા મળે છે.

ગતરોજ ઝાલોદ તાલુકાના લીમડી પોલીસને મળેલ બાતમીના આધારે લીમડી પોલીસ સ્ટેશનના ધાડ સાથે ખુનના ગુન્હાના વોન્ટેડ તેમજ દાહોદ ટાઉન પોલીસ સ્ટેશનના ચોરીઓના ગુન્હાઓનો ખુંખાર આરોપી મલખાનભાઈ જોસેફભાઈ અમલીયાર (રહે.પીપલીયા, તા. મેઘનગર, જિ. ઝાબુઆ, મધ્યપ્રદેશ) મધ્યપ્રદેશથી ગુજરાત આવવાનો હોવાની લીમડી પોલીસને બાતમી મળી હતી અને આ બાતમીના આધારે લીમડી પોલીસ મથકના પો.સ.ઈ. એમ.એલ. ડામોર તથા તેમની ટીમે ખરોદા ગામે વોચ ગોઠવી ઉભા હતાં. આ દરમ્યાન આરોપી મલખાનભાઈ જોસેફભાઈ અમલીયારને લીમડી પોલીસે ઝડપી પાડ્યો હતો. ઝડપાયેલ આરોપી તથા તેમની સાથેના સાગરીતો લીલસીંગભાઈ મકનાભાઈ ડામોર, કમલેશ પાંગળા વસુનીયા, મેઘો થાવરીયાભાઈ ભાભોર અને દીપો ભુરજી ડામોરનાઓ સાથે મળી પુર્વ આયોજીત કાવતરૂં રચી લીમડીના વિનય ગેસ એપ્લાયન્સીસના માલિક વિનયભાઈ કાંતીભાઈ બાફનાને તલવારના ઘા મારી તેમની પાસેથી રૂપીયા ભરેલી થેલી લઈને ફરાર થઈ ગયાં હતાં. ગંભીર ઈજાઓને પગલે વિનયભાઈનું મોત નીપજ્યું હતું. આ સમગ્ર મામલે પોલીસે તલસ્પર્શી તપાસ હાથ ધરી ઝડપાયેલ આરોપીના સાગરીતોના પણ ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

# ફતેપુરાના કાળીયા ગામે આઠ ઈસમોએ હથિયારો સાથે ધસી આવી પાંચ વ્યક્તિને ઈજાઓ

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કાળીયા ગામે જમીન સંબંધી મામલે આઠ જેટલા ઈસમોએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે લાકડી, તલવારી વિગેરે લઈ ધસી આવી બે મહિલા સહિત પાંચ જણાને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગત તા. ૦૫ નવેમ્બરના રોજ કાળીયા ગામે નિચાધરા ફળિયામાં રહેતાં આશાબેન કલ્પેશભાઈ મછાર તથા તેમના પરિવારજનો પોતાના ગામમાં રહેતાં મુકેશભાઈ હકરાભાઈ મછારના ઘર આગળ મકાઈના વાવેતરવાળા ખેતરમાં પાણી પીવડાવતાં હતાં. આ દરમ્યાન જમીન સંબંધી મામલે મુકેશભાઈ હકરાભાઈ મછાર, સરદારભાઈ નાથાભાઈ મછાર, સબુરભાઈ રમસુભાઈ મછાર, લવજીભાઈ નાથાભાઈ મછાર, અમરતભાઈ રમસુભાઈ મછાર, અજયભાઈ રાવજીભાઈ મછાર, કાંતીભાઈ રમસુભાઈ મછાર અને કાળુભાઈ હકરાભાઈ મછારનાઓ મારક હથિયાર જેવા કે, તલવાર, લાકડીઓ વિગેરે લઈ ગેરકાયદે મંડળી બનાવી આશાબેન તથા તેમના પરિવારજનો પાસેથી ધસી આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલતાં હતાં. આશાબેન તથા તેમના પરિવારજનોએ ગાળો બોલવાની ના પાડતાં ઉપરોક્ત આઠેય જણા એકદમ ઉશ્કેરાયાં હતાં અને પોતાની સાથે લાવેલ તલવાર અને લાકડી વડે આશાબેન, કલ્પેશભાઈ, જગલીબેન, લલ્લુભાઈ, સરીતાબેને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી લોહીલુહાણ કરી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત આશાબેન કલ્પેશભાઈ મછારે સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વડોદરા જિલ્લો ૧૦૦ ટકા ટેપ વોટર કનેક્ટેડ થયો

વડોદરા,

વડોદરા જિલ્લાના વડોદરા તાલુકાના ૩૯ ગામ તથા ૩૪ પરાઓનો સમાવેશ કરતી અનગઢ ગામે આવેલ મહી નદીમાં કુવાના સ્ત્રોત આધારીત વડોદરા ઉત્તર વિભાગ જુથ પાણી પુરવઠા યોજનાના અંદાજીત રકમ રૂ. ૧૨૬.૫૯ કરોડના કામો કરાયા છે. જેમાં મહી નદીનું પાણી વડોદરા તાલુકાના અનગઢ ગામે તથા ધનોરા ગામે મુખ્ય હેડવર્કસ ખાતે કુલ ૪૬ એમ.એલ.ડી ક્ષમતાના જળ શુધ્ધીકરણ પ્લાન્ટમાંથી પીવાનું શુદ્ધ પાણી જુદા-જુદા ૪ હેડવર્કસ સુધી લઈ જવા માટે આશરે ૧૫૧ કિમી પાઈપલાઈનનું નેટવર્ક પાથરવામાં આવી છે. જેની કામગીરી પુર્ણ થયેલ છે. આ યોજના દ્વારા હવેથી ૨.૪૨ લાખ વસ્તીને શુદ્ધ પીવાના પાણીનું લાભ મળનાર છે. જેનું લોકાર્પણ થશે. આજ પ્રકારે વડોદરા, સાવલી, ડેસર અને કરજણ તાલુકાના કુલ ૨૧૧ ગામો માટે નવીન ૫ જુથ પાણી પુરવઠા યોજનાઓ મારફત અંદાજીત રકમ રૂ. ૩૬૪.૮૦ કરોડના પ્રોજેકટનું આયોજન છે. જેના કામો હવે શરૂ કરવામાં આવનાર છે. જે તબક્કાવાર પૂર્ણ કરી ૪.૩૫ લાખ વસ્તીને શુદ્ધ પીવાના પાણીનું લાભ આપવામાં આવશે. આ યોજનાનું ખાતમુહૂર્ત કરાશે. આ કાર્યક્રમમાં સાંસદ, ધારાસભ્યઓ સહિત આગેવાનો ઉપસ્થિત રહેશેમુખ્યમંત્રી સાવલી ખાતે રૂ.૧૨૬ કરોડની વડોદરા ઉત્તર વિભાગ જુથ પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ કરશે વડોદરા, સાવલી, ડેસર, કરજણના કુલ ૨૧૧ ગામો માટે ૩૬૫ કરોડની ૫ જુથ પાણી પુરવઠા યોજનાઓનું ખાતમુહૂર્ત કરશે વડોદરા જિલ્લાની યશકલગીમાં વધુ એક છોગું ઉમેરાવા જઈ રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આગામી મંગળવારના રોજ વડોદરાની મુલાકાતે આવી રહ્યા છે અને તેની સાથે સાવલી ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાયેલા એક કાર્યક્રમમાં વડોદરા જિલ્લાને ૧૦૦ ટકા ટેપ વોટર કનેક્ટેડ જાહેર કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વર્ષ-૨૦૨૪ સુધીમાં દેશના તમામ ઘરોમાં નળ મારફત પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાના સંકલ્પને વડોદરાએ ૨૦૨૧માં જ સાકાર કરી લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આગામી ૧૬ નવેમ્બરને મંગળવારે વડોદરા અને સાવલીની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ વડોદરા શહેર ખાતે સંગઠન દ્વારા આયોજિત સ્નેહમિલન કાર્યક્રમમાં સહભાગી બનશે. એ પૂર્વે તેઓ વડોદરા જિલ્લાને ૧૦૦ ટકા નળજોડાણ યુક્ત જિલ્લો જાહેર કરશે. તેની સાથે પાણી પુરવઠાની યોજનાના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. 'હર ઘર નલ સે જલહ્ના યોજના અંતર્ગત વડોદરા જિલ્લામાં ૩,૨૬,૭૦૫ ઘરો ગ્રામીણ વિસ્તારમાં આવેલા છે અને આ તમામ ઘરોને રૂ. ૮૩૯૧ લાખની યોજનાઓ મારફતે ૧૦૦ ટકા ઘરોમાં પીવાનું પાણી નળ દ્વારા પહોચાડવામાં આવ્યુ છે.

# સુરતમા પોલીસ હેડ કોન્સ્ટેબલ ૫ હજારની લાંચ લેતા ઝડપાયો

સુરત,

ઈગ્લીશ દારૂના કેસમા સરથાણા પોલીસ સ્ટેશનમા પકડાયેલ હતો.જેથી શક્તિદાન દાજીદાન ગઢવી, અ.હે.કોન્સ., બ.ન. ૬૪૨, નોકરી સર્વેલન્સ સ્ટાફ, સરથાણા પોલીસ સ્ટેશન, સુરત શહેર, વર્ગ- ૩એ જે તે મોટર સાયકલ જમા લીધી હતી. બાદમાં ફરીયાદી ઉપર ખોટો દારૂનો કેસ કરવાની વાત કરી હતી. બાદ આ કામના આરોપી શક્તિદાન ગઢવીએ આરોપી રઘુભાઈ ગલાણી, ખાનગી વ્યક્તિ સાથે મળી ફરીયાદીને જણાવ્યું હતું કે, તારા વિરૂધ્ધ દારૂનો કેસ નહીં કરવા અને મોટર સાયકલ પરત કરવાના આ કામના આરોપી શક્તિદાન ગઢવી સાથે વ્યવહાર કરવો પડશે અને વ્યવહાર પેટે પ્રથમ ૧૦ હજારની લાંચની માંગણી કરીહતી.બાદ રકઝકના અંતે ૫હજારની લાંચ નક્કી કરાઈ હતી.દારૂના કેસમાં પકડાયેલ આરોપી રૂપિયા આપવા માગતો ન હોવાથી (એન્ટી કરપ્શન બ્યૂરો)નો સંપર્ક કર્યો હતો. જેથી વલસાડ અને ડાંગ એ.સી.બી. પો.સ્ટે. વલસાડના ટ્રેપિંગ અધિકારી ડી.એમ.વસાવાની આગેવાનીમાં ટીમ બનાવીને વોચ ગોઠવવામાં આવી હતી.

# વડાપ્રધાન મોદીનું સ્વાગત કરનારા મંત્રીઓ, ધારાસભ્યો અને અધિકારીઓને પહેલા કોરોના ટેસ્ટ કરાવો પડશે

નવી દિલ્હી,

મધ્ય પ્રદેશ સરકાર દ્વારા આદિવાસી સંમેલન બોલાવવામાં આવ્યુ છે.જોકે કોરોનાને ધ્યાનમાં રાખીને પીએમ મોદીનુ સ્વાગત કરનારા ૧૧૦ મંત્રીઓ, ધારાસભ્યો અને અધિકારીઓ માટે કોરોના ટેસ્ટ ફરજિયાત બનાવ્યો છે.આ એવા લોકો છે જે પીએમ મોદી જ્યાં પહોંચવાના છે તે હેલિપેડથી લઈને કાર્યક્રમના મંચ સુધી તેમની સાથે રહેવાના છે.પીએમ મોદી આવતીકાલે ઘણા મંત્રીઓ, સાંસદો અને ધારાસભ્યોને પણ મળવાના છે.જેથી આ તકેદારી લેવામાં આવી રહી છે.પીએમ મોદી સાથે મંચ પર તેમની કેબિનેટના આઠ સભ્યો હાજર રહેશે.૩-૩૦ વાગ્યે તેઓ આદિવાસી સંમેલનને સંબોધન કરશે.પીએમ મોદી ૧૫ નવેમ્બરે ભોપાલમાં આદિવાસી સમુદાયના પ્રતિક અને સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડાની જન્મ જયંતિની ઉજવણી માટે એક રેલીને સંબોધિત કરવાના છે. જેમના નામ કોરોના ટેસ્ટના લિસ્ટમાં સામેલ છે તેમાં સીએમ શિવરાજસિંહ ચૌહાણ તેમજ રાજ્યપાલ મંગુભાઈ પટેલનો પણ સમાવેશ થાય છે.પીએમ મોદીના આવતા પહેલા તેમની સિક્યુરિટી દ્વારા તમામના રિપોર્ટ ચેક કરવામાં આવશે.રિપોર્ટ નેગેટિવ હશે તેને જ પરવાનગી આપવામાં આવશે.

# દે.બારીઆના વટભેટ ગામે ધાડપાડુ ગેંગે પરિવારજનોને બાનમાં લઈ ૫૩ હજાર લુંટ ચલાવી

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના વટભેટ ગામે ચાર અજાણ્યા ધાડપાડુ લુંટારૂઓએ હાથમાં મારક હથિયારો ધારણ કરી રાત્રીના સમયે એક વ્યક્તિના ઘરમાં ધુસી આવી ઘર માલિક તેમજ તેમના પરિવારજનોને બાનમાં લઈ ઘરમાં દાટી રાખેલ તેમજ પેટીમાં મુકી રાખેલ સોના – ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા.૫૩,૦૦૦ની મત્તાની સનસનાટી ભરી લુંટ ચલાવી લુંટારૂંઓ નાસી જતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

ગત તા.૧૩મી નવેમ્બરના રોજ રાત્રીના દાઢેક વાગ્યાના આસપાસ દેવગઢબારીઆ તાલુકાના વટભેટ ગામે હોળી ફળિયામાં રહેતાં મુકેશભાઈ કલ્યાણભાઈ રાઠવા પોતાના પરિવાર સાથે પોતાના ઘરમાં મીઠીં નિંદર માણી રહ્યાં હતાં. આ દરમ્યાન ચાર જેટલા અજાણ્યા ગામઠી ભાષા બોલતાં બુકાનીધારી ધાડપાડ લુંટારૂઓએ મુકેશભાઈના ઘરના ઘરનો મુખ્ય દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને મુકેશભાઈને તથા તેમના પરિવારજનોને બાનમાં લઈ મારી નાંખવાની ધમકી આપી ઘરમાં જમીનમાં દાટેલ અને તિજોરી તેમજ પેટીમાં મુકી રાખેલ સોના – ચાંદીના દાગી તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા.૫૩,૦૦૦ ની મત્તાની સનસનાટી લુંટ ચલાવી અંધારાનો લાભ લઈ લુંટારૂઓ નાસી ગયાં હતાં. આ અંગેની જાણ મોડી રાત્રે ગ્રામજનોમાં ફેલાતાં ગ્રામજનોના ટોળેટોળા મુકેશભાઈના ઘર તરફ દોડી ગયાં હતા. આ ઘટનાની જાણ પોલીસને પણ કરાતાં પોલીસ પણ પહોંચી ગઈ હતી.

આ સંબંધે મુકેશભાઈ કલ્યાણભાઈ રાઠવાએ સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.70

